# ગુજરાત યુનિવર્સિટી એડમિશન કમિટી વર્ષ : ૨૦૧૯-૨૦૨૦
## બી.એડ્. અને એમ.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ

1. **PIN અંગે**:
   a. ગુજરાત યુનિવર્સિટીના વિવિધ કોર્ષમાં એડમીશનમાટેની PINનુ વિતરણ જે તે કોલેજમાંથી કરવામાં આવશે. વિદ્યાર્થીઓએ જે કોર્ષમાં પ્રવેશ મેળવવો હોય તે કોર્ષની પોતાને અનુકુળ કોલેજ માંથી PIN મેળવી શકાશે.
   b. બી.એડ્.-એમ.એડ્  PIN ની કિંમત રૂ.૧૭૫/- છે.
   c. વિદ્યાર્થીએ કોલેજ પરથી PIN ખરીદતી વખતે તે PIN પોતાના કોર્ષ અંગેની છે કે નહિ તે અંગેની ખાતરી કરવી.
   d. SEALED (સીલ) PIN ખરીદવાનો આગ્રહ રાખવો.
   e. PINનુ વિતરણ જે તે કોલેજના સમય દરમ્યાન કરવામાં આવતું હોય તે કોલેજના સમય દરમ્યાન PIN લેવા જવું.
   f. વિદ્યાર્થીએ પોતાની PINની માહિતી અન્ય કોઈપણ વ્યક્તિને આપવી નહિ – તેનો દુરુપયોગ થવાની સંભાવના રહે છે.
   g. PINનો ઉપયોગ GUAC દ્વારા જાહેર કરવામાં આવેલ સમયપત્રક / તારીખ મુજબ કરવાનો રહેશે.
2. **પ્રમાણપત્રોની ચકાસણી**:

a. નીચે જણાવેલ વિધાર્થીઓના Documents નું વેરિફિકેશન કરવાની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. પ્રથમ પ્રવેશ રાઉન્ડ GUAC દ્વારા કરવામાં આવશે, તેથી Verification અંગેની તમામ જવાબદારી કોલેજની રહેશે. Verificationમાં થયેલ ભૂલ અંગે GUAC જવાબદાર રહેશે નહીં. આ અંગે થયેલ ભૂલ અંગે વિદ્યાર્થીઓ કોલેજના આચાર્યનો સંપર્ક કરવો અને વિધ્યાર્થીઓએ GUAC ખાતે આવવાનું રહેતું નથી. જેની ખાસ નોંધ લેવી.

(i) વર્ષ 2019માં ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ

(ii) પ્રથમ પ્રયત્નમાં પાસ કરનાર

(iii) જનરલ કેટેગરી (OPEN)ના એવા વિધાર્થીઓ જેમણે – 2019ની પરીક્ષા પાસ કરનાર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ

i. રિપીટર વિધાર્થીઓ (ગયા વર્ષે નાપાસ થયેલ પરંતુ ચાલુ વર્ષે પાસ થયેલ અને બધાં વિષયની પરીક્ષા ન આપેલ હોય પણ EXEMPTION સિવાયના વિષયોની પરીક્ષા આપેલ હોય

ii. અનામત કેટેગરીના વિધાર્થીઓ જેવાં કે SC/ST/SEBC/EWS.

iii. ગુજરાત યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ

a. ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ એડમિશન લીધા બાદ PEC રજૂ કરવાનું રહેશે.

b. ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટીના ( એસ.એન.ડિ.ટી. યુનિવર્સિટી સહિત)ના તમામ વિધ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન વખતે PEC મેળવવાનું રહેશે ફરજીયાત રહેશે ત્યાર બાદ જ ફોર્મ ભરી શકાશે.

iv. શારીરિક અક્ષમતા અંગેનું સિવિલ સર્જનનું 40% કે તેથી વધુ અપંગતા અંગેનું પ્રમાણપત્ર ધરાવતા હોય.

v. અન્ય લાગુ પડતાં પ્રમાણપત્રો (દા.ત. Free-ship Card)

vi. વર્ષ 2019 અગાઉ પાસ થયેલ વિધાર્થીઓ

vii. Economical Weaker Section (EWS)ના વિધ્યાર્થીઓના પ્રમાણપત્રો. આ અંગેની ઉપયોગી તમામ માહિતીની Link વેબસાઈટ પર આપવામાં આવે છે જે જોઈ તપાસી-ચકાસી લેવી. આ વિધ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન વખતે રજૂ કરવાનું રહેશે.

b. વેરિફિકેશન વખતે વિધાર્થીઓ દ્વારા થયેલ નીચેની ભૂલો કોલેજ દ્વારા સુધારી શકાશે જે અંગેના જરૂરી પ્રમાણપત્રો કોલેજે પોતાની પાસે રાખવા જેથી કરીને મેરીટ લિસ્ટ તૈયાર કરતી વખતે અને વિવાદના સમયે આ પુરાવાઓ આધાર તરીકે રજૂ કરી શકાય.

c. વેરિફિકેશનનું કામ ખૂબજ કાળજીપૂર્વક કરાવવું કારણ કે મેરીટ લિસ્ટનો સંપૂર્ણ આધાર વેરિફિકેશન પ્રક્રિયા પર રહેલ છે. તેમાં કોઈપણ પ્રકારની ભૂલ રહેશે તો તે અંગે કોલેજ અને આચાર્યશ્રીની જવાબદારી રહેશે. વિધ્યાર્થીઓએ તમામ માહિતી સાચી પૂરી પાડવાની રહેશે અન્યથા તેમનો પ્રવેશ રદ્દ થશે.

જે વિધાર્થીઓનાં વેરિફિકેશન કરવાના હોય તેવા તમામ વિધાર્થીઓને Inward Number આપવામાં આવશે. આ Inward Number slip બે ભાગમાં હશે. એક ભાગ વિધાર્થીને મળશે અને બીજો ભાગ વિધાર્થીની અરજી/ફોર્મ સાથે સ્ટેપલ કરી કોલેજ રાખશે. આ slip પર કોલેજનો Code નંબર અને કોલેજનો ગોળ સિક્કો મારેલ હોવો જોઈએ અને જે તે અધિકારીએ સહી કરેલ Inward Slip અચૂકથી મેળવવી.

3. **પ્રવેશ અંગેની કામગીરી:**

પ્રથમ રાઉન્ડ:

a. જે વિદ્યાર્થીઓએ GUAC દ્વારા નક્કી કરેલ સમય મર્યાદામાં પોતાનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ ફોર્મ સંપૂર્ણરીતે ભરેલ હોય / સબમિટ કરેલ હોય / પ્રિન્ટ કાઢેલ હોય તેમના માટે:

b. મળેલ પ્રવેશમાં ફેરફાર: જે વિદ્યાર્થીઓ ફી ભરેલ હોય અને રીપોર્ટીંગ કરાવેલ હોય તેમને કોલેજ માધ્યમ / વિષય બદલી આપવામાં આવશે નહિ. તેથી પ્રવેશ ફોર્મ ભરતી વખતે બુકલેટ અને અન્ય સૂચનાઓનો સભાનતાપૂર્વક અભ્યાસ કરવો અને પ્રવેશની કામગીરી કરવી.

c. શૈ.વ. ૨૦૧૯-૨૦ GUAC દ્વારા પ્રથમ રાઉન્ડ કરવામાં આવશે. આ પ્રથમ રાઉન્ડમાં ફી ભરીને રીપોર્ટીંગ કરેલ વિદ્યાર્થી બીજા રાઉન્ડ – Online Registration Offline Admission પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહિ.

d. પ્રથમ રાઉન્ડમાં જે વિધાર્થીને પ્રવેશ ફાળવવામાં આવેલ છે અને પ્રવેશ લીધેલ નથી અને કોલેજ દ્વારા online registration થી offline પ્રવેશ આપવામાં આવે ત્યારે (GUAC ની જાહેરાત બાદ) તેવા વિધાર્થીને Inter-se મેરિટના આધારે પ્રવેશ મળશે. જો આ અગાઉ વિધ્યાર્થીએ બેંકમાં ફી ભરેલ હશે તો 10% રકમ બાદ થઈ, ફી પરત મળશે. પરંતુ તેમણે નવા ઓફલાઇન પ્રવેશ વખતે જે તે કોલેજમાં પૂર્ણ ફી ભરવાની રહેશે. અગાઉ GUAC ખાતે ચૂકવેલ ફી માંથી 10% રકમ કાપીને પ્રવેશ કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ચૂકવવામાં આવશે.

ખાસ નોંધ: **પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થી બેંકમાં ફી ભરીને કોલેજમાં હાજર થશે / રીપોર્ટ કરશે. તે વિદ્યાર્થી બીજા/ત્રીજા રાઉન્ડમાં ભાગ લઇ શકશે નહિ.**

બીજો રાઉન્ડ:

બીજા રાઉન્ડ વખતે તેની તારીખ / જાહેરાત બાદ

(i) રજીસ્ટ્રેશન ફોર્મની નવી પ્રિન્ટ આઉટ લેવી જેના પર વિધ્યાર્થીનો (કન્ફર્મ એડમિશન સિવાયના) General Rank, Category Rank, Sub-Category અને ટકાવારી ઉપરાંત Online Registration and Offline Admission (Round-2) પણ છપાયેલ હશે.

(ii) જેની એક કરતાં વધારે પ્રિન્ટ આઉટ લઈને જે તે કોલેજોમાં પ્રવેશ મેળવવો હોય તે બધી જ કોલેજોમાં કોલેજના સમય પ્રમાણે ફોર્મ જમા કરાવવા.

(iii) ફોર્મ જમા કરાવ્યા પછી વિધ્યાર્થીએ જે તે કોલેજ પાસેથી રસીદ અચૂક મેળવવી. GUAC દ્વારા તૈયાર કરવામાં આવેલ સમયપત્રક પ્રમાણે વિધ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મળેલ છે ત્યાં ફી ભરવી તેમજ રિપોર્ટિંગ કરવું.

(iv) પ્રથમ રાઉન્ડનું ફોર્મ બીજા રાઉન્ડ માટે સ્વીકારવામાં આવશે નહીં.

4. ફી ચુકવણી :- Kotak Mahindra Bank ની કોઈ પણ શાખામાં ચુકવણી કરી શકાશે.(અમદાવાદ અને ગાંધીનગર જીલ્લાની શાખા) વિધાર્થીઓ Online ફી ભરી શકશે. ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં Kotak Mahindra Bank ની બ્રાન્ચ ન હોય ત્યાં બેંક દ્વારા કોલેજની પ્રવેશ કામગીરી દરમ્યાન કાઉન્ટર પુરા પાડવામાં આવશે.

આ તમામ વિદ્યાર્થીઓએ જે ઓનલાઇન ફોર્મ ભરીને કોઇ પણ બી.એડ્. કોલેજમાં પોતાના ડોક્યુમેન્ટનું વેરીફીકેશન કરાવવું ફરજીયાત છે. જો વેરીફીકેશન કરાવેલ નહિ હોયતો તેમનું મેરીટ બનશે નહિ. તેમજ પ્રવેશ મળશે નહી વિદ્યાર્થીઓએ વેરીફિકશન કરાવ્યાની Inward Slip કોલેજમાંથી અચૂક મેળવી લેવી જેથી કોઈપણ પ્રકારની ભૂલ ના કિસ્સામાં તેનું નિવારણ લાવી શકાય.

5. માત્ર ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯માં પાસ થનાર વિધાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન સ્નાતક કે અનુસ્નાતકની પરીક્ષાનું પરિણામ આવ્યા પછી કરી શકશે. તે અંગેની તારીખો સમય પત્રકમાં દર્શાવવામાં આવશે.
6. ફી શીપ કાર્ડ :-Freeship Card માત્ર સેલ્ફફાઈનાન્સ કોલેજોને લાગુ પડશે.
7. **ગ્રેડ/CGPA ધરાવતા વિધાર્થીઓ માટે:-**

**જે વિદ્યાર્થીઓની MarkSheetમાં માર્ક્સ/ટકાવારી દર્શાવેલી ન હોય એટલે કે ગ્રેડ/CGPA/માર્ક્સ સિવાયની પદ્ધતિ અપનાવેલ હોય તો તેવા કિસ્સામાં વિધાર્થીએ પોતાના બોર્ડ/યુનિવર્સીટીમાંથી ટકાવારીમાં રૂપાંતરિત Equvivalent Certificate લાવવું ફરજીયાત છે. તેના સિવાય તેમનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.**

**ખુબજ અગત્યનું:**

1. **પ્રથમ રાઉન્ડ પછી કોલેજ દ્વારા Inter-se Merit ના આધારે બીજા અને ત્રીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી અંગેની બાબતો હવે પછી વેબ-સાઇટ પર મૂકવામાં આવશે અને તે પ્રમાણે પ્રવેશની કાર્યવાહી કરવી.**
2. **મધ્યસ્થ પ્રવેશને લગતાં તમામ પ્રકારના પરિપત્રો જે-તે સમયે ગુજરાત યુનિ. ની વેબસાઇટ પર મૂકવામાં આવશે. GUAC દ્વારા કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ. GUAC આપને નિયમિત પણે ગુજરાત યુનિ. ની વેબસાઇટ જોવા આગ્રહ ભરી વિનંતી કરે છે.**
3. **GUAC દ્વારા કરવામાં આવતી પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડ બાદ બીજો અને ત્રીજો રાઉન્ડ GUAC નિર્દિષ્ટ નિયમો મુજબ કોલેજ કક્ષાએ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે.**

8. ફી રીફંડ :
   a. વિધાર્થી પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશ રદ્દ કરાવશે તો તેની ફી ના ૧૦% રકમ કાપી ને પ્રવેશ કામગીરી પૂર્ણથયા બાદ પ્રથમ રાઉન્ડની ફી GUAC દ્વારા અને બીજા રાઉન્ડની જે તે કોલેજ દ્વારા પરત કરવામાં આવશે . પ્રવેશ લીધાના 10 દિવસ પછી રદ થયેલ પ્રવેશની ફી પરત થશે નહિ. પ્રથમ રાઉન્ડ બાદની ફી રીફંડની કાર્યવાહી જે તે કોલેજ દ્વારા કરવામાં આવશે.
   b. જે વિધાર્થીઓ ફી રીફંડ માટે પાત્રતા ધરાવતા હોય તેમણે GUAC ની સુચનાપછી પોતાની ફી પરત લઇ જવી. ચેક ની મુદત પૂરી થયા બાદ Revalidate થશે નહિ. તેમજ ફી ની રકમ પરત થશે નહિ. તેની નોધ લેવી.